# બોરીજ ગામમાં ૨૪ વર્ષિય પરિણીતાની ગળુ દબાવીને હત્યા

## સવારે પતિએ બનેવીને ફોન કરીને જાણ કરી કે સોનલ પલંગ પરથી ઉઠતી નથી : ગળાના ભાગે આંગળીઓની છાપ પડી ગયેલી એફ.એસ.એલ તપાસમાં દેખાઇ : પેનલ પી.એમ કરાયુઃ પતિ પર શંકા

ગાંધીનગર, તા.૧૯

રાજ્યનાં મુખ્યમંત્રીનાં નિવાસસ્થાનની બિલકુલ નજીક આવેલા બોરીજ ગામમાં ૨૪ વર્ષિય પરિણીતાનું ગળુ દબાવી દઈને હત્યા કરી દેવામાં આવી હોવાની ઘટના બનવા પામી છે. મૃતકનાં પતિએ તેના બનેવીને વહેલી સવારે ફોન કર્યો હતો કે તેની પત્ની સોનલ પલંગ પરથી ઉઠતી નથી. મૃતકનાં સગા વ્હાલાઓ આવ્યા ત્યારે ૧૦૮ કે પોલીસ બોલાવ્યા વિના અંતિમવિધી કરી દેવા પતિએ પ્રસ્તાવ પણ મુક્યો પરંતુ શંકા જતા મૃતકના પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી. પોલીસ અને એફ.એસ.એલ આવતા હત્યા હોવાની શક્યતા પ્રબળ હોવાનુ મનાઈ રહ્યુ છે. ગળાનાં ભાગે ત્રણ આંગળીઓની છાપ સાથે ઈજાના નિશાન પણ જોવા મળ્યા છે. જો કે પેનલ પી.એમ બાદ તબીબો એ કોઝ ઓફ ડેથ પેંડીગ રાખતા પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ હતી. પરંતુ મોડી સાંજ સુધી પોલીસે તબીબો સાથે સંપર્કમાં રહીને પ્રાઈમરી રિપોર્ટ મેળવ્યો જેમા ગળુ દબાવવાથી મૃત્યુ થયુ હોવાનુ આવતા પોલીસે રાત્રે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. મૃતકનાં પરિવારજનોએ તેણીના પતિ ઉપર શંકા વ્યક્ત કરતા તે દિશામાં તપાસ ચલાવવામાં આવી છે.

બોરીજ ગામમાં બળીયાદેવનાં મંદિર નજીક રહેતી ૨૪ વર્ષિય સોનલ નાગેન્દ્રસિંહ રાઠોડ સિવિલ હોસ્પિટલમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતી હતી. છ વર્ષ પહેલા સોનલે નાગેન્દ્ર સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. સોનલના સાસરિયા બોરીજમાં જ બીજા મકાનમાં રહેતા હતા અને સોનલ અને નાગેન્દ્ર બંને પોતાના બે અને ચાર વર્ષનાં બે દિકરા સાથે બીજા મકાનમાં રહેતા હતા. સોનલ ગઈ કાલે જ અંબાજી પગપાળા જઈને પરત આવી હતી. સોનલનાં પિયરિયા પણ કાલે તેણીને મળીને ગયા હતા. આજે સવારે પાંચેક વાગ્યાનાં અરસામાં પતિ નાગેન્દ્રએ પોતાના બનેવીને ફોન કર્યો કે સોનલ પથારીમાંથી ઉઠતી નથી. પેથાપુરથી બનેવી સુરેશભાઇ હાવેરી તાત્કાલીક બોરીજ પહોંચ્યા અને મૃતકના પરિવારજનોને વાત કરી બોલાવી લીધા હતા. પોલીસ કે ૧૦૮ બોલાવવાની વાતે ગુસ્સામાં આવી જઈને નાગેન્દ્રએ બનેવીને ધક્કો મારીને નારાજગી પણ દર્શાવી. ઉપરવટ જઈને પોલીસને ઘટના અંગે બનેવીએ જાણ કરતા સે.૨૧ પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. એફ.એસ.એલ અધિકારી જી.પી.દરબાર પણ તપાસ માટે પહોંચી ગયા હતા. સોનલનાં ગળાનાં ભાગે ઈજાઓનાં નિશાન અને ત્રણ આંગળીઓની છાપ પણ દેખાતા હત્યા હોવાની શક્યતા પ્રબળ બની છે. જો કે પોલીસે પેનલ ડોક્ટર થી પી.એમ કરાવ્યુ છે. પરંતુ કોઝ ઓફ ડેથ ડોક્ટરે વિશેરાના સેમ્પલ લઈને તેના રિપોર્ટ આવે ત્યા સુધી પેંડીગ રાખ્યુ હતુ. શરીરમાં ઝેરનુ પ્રમાણ છે કે નહિ તે તપાસવા વિશેરા લેવાય છે. ઝેરના પ્રમાણ બાદ રિપોર્ટ આપવાના તબીબોના વિચિત્ર નિર્ણયથી પુરાવાના નાશ થઈ શકે તેવી શક્યતાઓ પ્રબળ હતી. જેને પગલે ડીવાયએસપી વિજય પટેલે આર.એમ.ઓ ને પ્રાઈમરી કોઝ ઓફ ડેથ આપવા ભલામણ કરતા આખરે તબીબોએ ગળુ દબાવવાથી મૃત્યુ થયાનો રિપોર્ટ આપ્યો હતો. પોલીસે પ્રાથમિક રિપોર્ટને આધારે હત્યાનો ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે. મૃતકનાં પરિવારજનોએ પતિએ હત્યા કરી હોવાની શંકા વ્યક્ત કરી છે. અગાઉ ત્રણેક માસ પહેલા તેણે સોનલને ઘરમાં પુરી દઈને ગેસ ચાલુ કરી મુક્યો હતો અને સળગાવી નાંખવાની ધમકીઓ પણ આપી હતી અને તે સમયે ૧૮૧ અભયમ હેલ્પલાઈનમાં પણ કોલ કરવામાં આવ્યો હતો. જો કે પછી સોનલે ફરિયાદ કરવાનુ ટાળ્યુ હતુ તેમ મૃતકની બેન એ જણાવ્યુ હતુ. પોલીસે તે દિશામાં તપાસનો દોર શરુ કર્યો છે.







## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અમારા વખતમાં તો સંસદમાં આવીને મારી જતા હતા... એટલે અમે એક્શન નતા લઈ શકતા... આ લોકોએ તો એક્શન લેવા જ જોઈએ ને....?

## આવતીકાલે પાંચ જિલ્લામાં પ્રદેશ ભાજપ દ્વારા બેઠક

૨૦સપ્ટેમ્બરના રોજ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા ખાતે, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ-કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા કૃષિ યુનિવર્સિટી યુનિવર્સિટી ઓડીટોરીયમ, મોતી પાર્ક, જુનાગઢ ખાતે, પ્રદેશ ઉપાધ્યક્ષ આઈ.કે. જાડેજા સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર શહેર ખાતે, પ્રદેશ ઉપાધ્યક્ષ ભાર્ગવભાઈ ભટ્ટ એપીએમસી, બોડેલી, છોટાઉદેપુર ખાતે, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા બારડોલી, સુરત જિલ્લા ખાતે બેઠક લેશે.

# વાતાવરણ પલ્ટાના અંતે ૧૬ મી.મી. વરસાદથી સાર્વત્રિક ઠંડક પ્રસરી

**રવિવારની વરસાદી સાંજ અહલાદક બનતા નગરજનોએ ભીંજારા મૌસમની મજા માણી**

ગાંધીનગર, તા.૧૯

વાતાવરણમાં અસહ્ય ઉકળાટના અંતે ગત સાંજે નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. મોડી સાંજે ઠંડા પવનની લહેરકી અને વાદળગર્જના વચ્ચે વરસાદ વરસ્યો હતો. વરસાદી ઝાપટાની સાથે સર્વત્ર ઠંડક પ્રસરી હતી. ૧૬ મી.મી. વરસાદથી ઠેર ઠેર વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. લાંબા વિરામ બાદ વળતા ચોમાસે રીમઝીમ વરસાદ સાથે નગરજનોએ ફરી એકવાર ભીંજારા મૌસમની મજા માણી હતી.

શહેરમાં ગઈ કાલે સાંજે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકરા ઉકળાટના અંતે સમી સાંજના સમયે આકાશમાં અચાનક જ વરસાદી વાદળો ગોરંભાયા હતા. પળવારમાં જ સૂસવાટા મારતા વરસાદી વાયરાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ગાજવીજ સાથે વરસાદ વરસવાનું શરૂ થતા નગરજનોએ મૌસમના ભીંજારાની મજા માણી હતી. છેલ્લા કેટલાક સમયથી વરસાદની ગેરહાજરી વચ્ચે સતત ઉકળાટ અનુભવતા શહેરીજનોએ મેહુલિયાને માણવાની અને ભીંજાવાની મજા લીધી હતી. વરસાદની સાથે પવનનું જોર પણ વધુ હોવાથી રવિવારની વરસાદી સાંજ નગરજનો માટે આહલાદક બની હતી. વરસાદના ભારે ઝાપટા સાથે જ સેક્ટરોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા જયારે કેટલાક ઠેકાણે લાઈટો પણ ડૂલ થઈ ગઈ હતી. શરૂઆતમાં રીમઝીમ અને બાદમાં ઝરમર વરસતા વરસાદે બફારાથી ત્રસ્ત નગરજનોને ખુશ કરી દીધા હતા. વાતાવરણ પલ્ટાના અંતે ૧૬ મી.મી. વરસાદ વરસ્યો હતો. અચાનક વરસાદ વરસતા નગરનું જનજીવન પણ પ્રભાવિત થયું હતું. વરસાદી વાદળો ગોરંભાતા વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ નોંધપાત્ર વધ્યું છે આજે પણ દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોની છુપાછુપી જોવા મળી હતી. વાતાવરણ પલ્ટાના લીધે મહત્તમ તાપમાન પણ નીચુ ઉતર્યું હતું.

# શહેરમાં સૌ પ્રથમવાર ઘી પૂરવાની રથયાત્રા યોજાશે

## અલખ દરબાર ફાઉન્ડેશન દ્વારા ચોટીલા ચામુંડા માતાના મંદિરે સવામણ ઘી દિવામાં પુરવા અર્થે રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક આવેલ કોલવડા ગામ સ્થિત અલખ દરબાર ફાઉન્ડેશન દ્વારા શહેરમાં સૌ પ્રથમવાર ઘી પૂરવાની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઘી પૂરવાની રથયાત્રા પાંચ દિવસ સુધી ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોમાં પરિભ્રમણ કરશે. આ રથયાત્રા થકી સવામણ ઘી એકત્ર કરવામાં આવશે આ ઘી ની જ્યોત ચોટીલા ચામુંડા માતાના મંદિરે પ્રથમ નોરતે પ્રગટાવામાં આવશે. ઘી પૂરવાની રથયાત્રાનો પ્રારંભ તા.૨૩ ના રોજ સવારે ૮ કલાકે અલખ દરબાર સેવાકેન્દ્ર કોલવડા-સોનીપુર માર્ગ ખાતે થી કરવામાં આવશે. આ સેવાભાવી યજ્ઞમાં સૌ ધર્મપ્રેમી જનતાને ઉદાર હાથે ઘી આપવા અને જોડાવા સેવાભાવી મિત્રોએ અપીલ કરી છે.



ભકિત અને સેવાના રંગે રંગાયેલા સેવાભાવિ ભકતો દ્વારા ઘી પૂરવાની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સવામણ ઘી ચામુંડા માતાજી મંદિર ચોટીલા ખાતે અર્પણ કરવામાં આવશે. આ એકઠા કરવામાં આવેલા સવામણ ઘી થી ચોટીલા ખાતે નવ દિવસ નોરતામાં અખંડ જયોત પ્રગટાવામાં આવશે. જેને અનુલક્ષી તા.૨૩ ના રોજ ઘી પૂરવાની ભવ્ય રથયાત્રાનો પ્રારંભ સવારે ૮ કલાકે અલખ દરબાર સેવા કેન્દ્ર ખાતેથી કરવામાં આવશે. ત્યારબાદ પ્રથમ દિવસે રથયાત્રા સોનીપુર, રૂપાલ, સરઢવ, મોટીઆદરજ, જલુંદ, ધમાસણા, ભાદોલ, નાદરીપુર, મોખાસણ, પાનસર, વડાસ્વામી, ઈસંડ, ઓળા, છત્રાલ, પ્રતાપપુરા, પીયજ, બોરીસણા, સઈજ, શેરથા, પુન્દ્રાસણ, ટીંટોડા, ભોંયણ, વગેરે ગામમાં ફરીને તા.૨૭ ના રોજ પૂર્ણાહૂતી કરવામાં આવશે. પ્રત્યેક ગામમાંથી ઘી દિવા માટે ઉઘરાવી સવામણી ઘી એકત્ર કરાશે.માતાજીના ધામમાં પ્રગટાવવામાં આવનાર જયોતમાં પ્રત્યેક ગામ આ રીતે ફાળો આપી માતાજીના આશિર્વાદ મેળવશે. જયારે રથયાત્રાના ભવ્ય આયોજનમાં પ્રત્યેક ગામના યુવાનોને મોટીસંખ્યામાં જોડાવા સેવાભાવી નાગરીક નરેન્દ્રસિંહ ચૌહાણ અને અલ્કેશ પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

# સેક્ટરોમાં સ્ટોર્મ વોટર લાઈન માટેનો અભ્યાસ પૂર્ણ

**ફૂટપાથ તેમજ રૂટમાંથી પસાર થતી વિવિધ યુટીલીટીજ લાઈનના લીધે વરસાદી પાણીના નિકાલનુ કામ મુશ્કેલ**

ગાંધીનગર, તા. ૧૯

હાઈટેક બનવા ગાંધીનગરમાં દાયકાઓના અંતે પણ સ્ટોર્મ વોટર લાઈનનું કામ અધુરૂ છે. શહેરના માત્ર ૭ સેક્ટરોમાં જ વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી છે. અન્ય સેક્ટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરવા એજન્સીએ સર્વેનું કામ પૂર્ણ કરી દીધુ છે. સર્વેના રીપોર્ટને અનુલક્ષી તંત્રના અધિકારીઓની બેઠકના અંતે વિભાગને આ કામગીરી માટે દરખાસ્ત કરવામાં આવશે.

શહેરમાં દાયકાઓના અંતે પણ વરસાદી પાણીના નિકાલની યોજના આખરી થઈ શકી નથી. હાલ શહેરના ૭ સેક્ટરોમાં સ્ટોર્મ વોટર લાઈનની સુવિધા ઉપલબ્ધ છે. જ્યારે અન્ય સેક્ટરોમાં આ વ્યવસ્થાના નામે મીંડુ છે. જેના પરિણામો ચોમાસા દરમિયાન સેક્ટરોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. સેક્ટરોના કોમન પ્લોટમાં વરસાદી પાણી ઉભરાય છે. જ્યારે સેક્ટરોના રીંગ રોડ પર જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. શહેરમાં વિકાસના અનેકવિધ આયામોની સાથે ફલાય નિર્માણ તેમજ અન્ય યુટીલીટીઝ લાઈન લાવવા હાલના તબક્કે સ્ટોર્મ વોટર લાઈનનું કામ હજુ મુશ્કેલ બન્યું છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા બાકી રહેલા અન્ય સેક્ટરોમાં આ કાર્યયોજનાને આગળ ધપાવવા પૂર્વ સર્વે હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો. આ માટે એજન્સીને જવાબદારી સોંપવામાં આવી હતી. લાંબા સમયના અંતે એજન્સી દ્વારા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સંદર્ભે રીપોર્ટ તૈયાર કરી દેવાયો છે. સેક્ટરોમાં કયા ભાગમાં કઈ રીતે સ્ટોર્મ વોટર લાઈનનું કામ હાથ ધરી શકાય તેનો ચિતાર આ રીપોર્ટમાં રજૂ કરાયો છે. વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા માટે હાથ ધરાયેલા અભ્યાસના અંતે તૈયાર થયેલા રીપોર્ટને ધ્યાને લઈ તંત્રના અધિકારીઓ સ્થિતિનું નિરીક્ષણ કરશે. ટુંકમાં શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનનું મુશ્કેલ કામ હાથ ધરવા ટુંકમાં પ્રોજેક્ટ રીપોર્ટ વિભાગને સુપ્રત કરવામાં આવશે.

શહેરમાં ચોમાસામાં પાણી ભરાવાની ફરીયાદો જરૂર ઓછી થઈ છે પરંતુ હજુ સંપૂર્ણ રીતે ઉકેલ નથી આવી શક્યો. કેટલાક નીચાણવાળા ભાગોમાં ચોમાસામાં પાણી ભરાય અને જીવજંતુઓ પેદા થાય એવી ફરીયાદો રોજીંદી બનતી જાય છે.

# સિસિકા દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાવાશે


સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્નાતક, ઈજનેર (સીવીલ, મીકેનીકલ, ઈલેકટ્રીકલ) આર્કીટેકટ તથા એમબીબીએસની માર્ચ એપ્રિલ ૨૦૧૬માં લેવાયેલ જાહેર પરીક્ષામાં પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે. નગરમાં વસવાટ કરતા વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની નકલ, નામ, સરનામુ અને સંપર્ક સહિતની વિગતો સિસિકાના કાર્યાલય નમન એપાર્ટમેન્ટ ૭૯૦-એ, સે-૨૧ ખાતે ૧૫ ઓકટોબર સુધીમાં પહોંચાડવાની રહેશે તેમ સિસિકાના મંત્રી જે.એલ. શાહે જણાવ્યું છે.

# શહેરના પાદરે શ્વાન માટે ચાલતો અનોખો અલખ ઓટલો



## અલખ દરબાર ફાઉન્ડેશન દ્વારા રોજ ૧૭૦૦ બાજરીના રોટલા તૈયાર કરાય છે, શહેરી અને ગ્રામ્ય વિસ્તારના રખડતા શ્વાનને આપવામાં આવે છે

ગાંધીનગર શહેરના પાદરે આવેલ કોલવડા ગામ ખાતે અનોખો અલખ ઓટલો ચલાવવામાં આવે છે. આ અલખ દરબારમાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના શ્વાન માટે રોજના ૧૭૦૦ બાજરીના રોટલા તૈયાર કરવામાં આવે છે. બાધા રોટલા માટે ૨૪ સાથ અનો સાંપડે છે. નાગરીકો



આટલા બાજરીના બાનાવવા બહેનો દ્વારા સાહકાર સોવભાવી રોટલા બનાવનાર બહેનોને પણ રોટલા દીઠ રૂપીયા આપીને રોજગારીની તક પુરી પાડે છે. રખડતા તેમજ ભટકતા શ્વાનને રોટલા ખવડાવાનો સેવાયજ્ઞ છેલ્લા સાડાચાર વર્ષથી અવિરત કાર્યરત છે છતા શહેરના નાગરીકો આ યજ્ઞથી અજાણ છે.

